વિટામીન ડીની અછતથી ઘણા રોગો થવાનો ખતરો

ન્યૂયોર્ક, તાજેતરમાં જ કરવામાં આવેલા એક વ્યાપક અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામીન ડીના ઓછા પ્રમાણના કારણે ઘણી તકલીફો ઉભી થઇ શકે છે. વિટામીન ડીની અછત હાર્ટ સાથે સંબંધિત રોગ માટે પણ જવાબદાર છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામીન ડીનું પૂરતુ પ્રમાણ અતિ જરૂરી છે. ઓછુ પ્રમાણ ઘાતક બિમારીઓને આમંત્રણ આપી શકે છે. ૧૦ હજારથી વધુ દર્દીઓને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, વિટામીન ડીની અછત ૭૦ ટકા લોકોમાં જોવા મળી છે અને તેમનામાં હાર્ટ સાથે સંબંધતિ રોગનો ખતરો વધારે રહે છે. વિટામીન ડીની અછત ધરાવનાર લોકોના મોતનો ખતરો પણ વધારે રહે છે. આ અછતને દૂર કરવાની બાબત જરૂરી પોષકતત્વોને લઇને જોડાયેલી છે. પોષકતત્વો સાથે અછતને દૂર કરવાથી મોતનો ખતરો ૬૦ ટકા ઘટી જાય છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, હાર્ટ સાથે સંબંધિત રોગ અને વિટામીન ડીની અછત વચ્ચે સીધો સંબંધ છે. આ સંબંધ પણ ખૂબ જ મજબૂત છે. યુનિવર્સિટી ઓફ કન્સાસ હોસ્પિટલ એન્ડ મેડિકલ સેન્ટરના કાર્ડિયોલોજીના પ્રોફેસર ડૉ. જેમ્સે કહ્યું છે કે, અપેક્ષા કરતા પણ વધુ નક્કર પુરાવા મળ્યાં છે. વિટમાની ડીની અછત ઘણાં રોગો સાથે સંબંધ ધરાવે છે. દર્દીઓને ધ્યાનમાં લઇને જરૂરી દવાના સૂચન પણ કરવામાં આળ્યાં છે. કાર્ડિયોલોજીસ્ટોનું કહેવું છે કે, વિટામીન ડીની અછત ધરાવતા લોકોમાં ડાયાબિટીસ થવાનો ખતરો બેગણો રહે છ. આ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશર થવાનો ખતરો ૪૦ ટકા વધુ રહે છે અને કાર્ડિયો થવાનો ખતરો ૩૦ ટકા વધારે હોય છે. એકંદરે વિટામીન ડીની અછત ધરાવતાં લોકોમાં કોઇપણ કારણસર મૃત્યુનો ખતરો ત્રણ ગણો વધારે છે. અભ્યાસમાં આ બાબત સાબિત થઇ શકી નથી. વિટામીન ડીની અસર શુ થાય છે. અગાઉના સંસોધનોમાં સૂચન કરવામાં આવ્યું હતું કે, મોટાભાગના અમેરિકનોના શરીરમાં પુરતા પ્રમાણમાં વિટામીન ડીની સપાટી નથી. નવેસરના નેશનલ હેલ્થ એન્ડ ન્યુટ્રીશનના સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૫થી ૫૭ ટકા પુખ્ત વયના લોડોમાં ડીનું અપુરતુ પ્રમાણ છે. અન્ય અભ્યાસ સુચવે છે કે, વિટામીન ડીની અછત ઘાતક છે.

ઓરિસ્સામાં સુપરસોનિક મિસાઈલનું સફળ પરીક્ષણ

બાલેશ્વર, ભારતે આજે સુપરસોનિક ઇન્ટરસેપ્ટર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું હતું. સંરક્ષણ સુત્રોએ કહ્યું છે કે, આ મિસાઇલમાં કેટલીક વધુ સુવિધાઓ ઉમેરી દેવામાં આવી છે. તેની ચકાસણી માટે આ પરીક્ષણ કરવામાં આવ્યું છે. અતિઆધુનિક મિસાઇલને સવારે ૧૧.૨૪ વાગે છોડવામાં આવી હતી. ઓછી ઉંચાઈ ઉપર રહેલા એક ટાર્ગેટને તોડી પાડવા માટે આ મિસાઇલ ઝીંકવામાં આવી હતી. ટોપના અધિકારીઓના કહેવા મુજબ ઇન્ટરસેપ્ટર એક અતિઆધુનિક સંરક્ષણ મિસાઇલ છે. મિસાઇલને ડોક્ટર અબ્દુલ કલામ દ્વીપના ઇન્ટીગ્રેટેડ ટેસ્ટ રેંજ પર સ્થિત લોંચપેડ નંબર ૪ ઉપર સ્થાપિત કરવામાં આવ્યું હતું અને દરિયાની સપાટી ઉપર હવામાં સ્થિત લક્ષ્ય પર નિશાન સાધવા માટે આ મિસાઇલે ઉંડાણ ભરી હતી. બહુસ્તરીય બેલાસ્ટિક મિસાઇલ સંરક્ષણ પ્રણાલી વિકસિત કરવાના પ્રયાસો હેઠળ વિકસિત કરવામાં આવેલી આ મિસાઇલ દુશ્મન તરફથી આવનાર મિસાઇલોને નષ્ટ કરવામાં સંપૂર્ણપણે સક્ષમ છે. પૂર્વ પરીક્ષણમાં મિસાઇલની ક્ષમતા સહિત બીજા માપદંડોનું સમર્થન કરવામાં આવી ચુક્યું છે. ગુરુવારના દિવસે આનુ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ ઇન્ટરસેપ્ટર મિસાઇલ સાડા સાત મીટર લાંબી અને નક્કર રોકેટ સંચાલિત મિસાઇલ છે. એક હાઈટેક કોમ્પ્યુટર અને અન્ય ઇલેક્ટ્રોનિક્સ ચીજો તેમાં ગોઠવાયેલી છે. ઇન્ટરસેપ્ટર મિસાઇલનું ૭.૪ મીટર લાંબી સોલીડ રોકેટની મદદથી છોડવામાં આવ્યા બાદ વૈજ્ઞાનિકો દ્વારા તેના ઉપર નજર રાખવામાં આવી હતી.

લોકસભાની ચૂંટણી લડવાનો અમરસિંહે અંતે ઇનકાર કર્યો

લખનૌ, રાજયસભા સાંસદ અમરસિંહના આઝમગઢમાંથી ચૂંટણી લડવાના અહેવાલને આખરે રદિયો મળી ગયો છે. અમરસિંહે પોતે આ અહેવાલને રદિયો આપ્યો છે. અમરસિંહે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તેઓ કોઇપણ પ્રકારની ચૂંટણી લડવા જઇ રહ્યા નથી. જો કે, અમરસિંહે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આવનાર લોકસભાની ચૂંટણીમાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તરફથી આક્રમક ચૂંટણી પ્રચાર કરશે. અમરસિંહે અખિલેશ યાદવને બબુઆ અને માયાવતીને બુઆ કહીને તેમને સમર્થન નહીં આપવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં જ યોગી સરકારની ગ્રાઉન્ડ બ્રેકિંગ સેરેમની દરમિયાન અમરસિંહ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. અમરસિંહની હાજરીને લઇને દિવસ દરમિયાન ચર્ચા રહી હતી. વડાપ્રધાન મોદીએ પણ પોતાના ભાષણ દરમિયાન વારંવાર અમરસિંહના



નામનો ઉલ્લેખ કરીને વાત કરી હતી. સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટીના વડા અને યુપીના કેબિનેટ મંત્રી ઓમપ્રકાર રાજભારે કહ્યું હતું કે, જો અમરસિંહ આઝમગઢમાંથી ૨૦૧૯માં ચૂંટણી લડવા ઇચ્છુક રહેશે તો તેમના ક્વોટા હેઠળ આવતી સીટને તેઓ ખુશીથી ઓફર કરશે. તેમણે ઉમેર્યું હતું કે, અમરસિંહ માટે દરવાજા હંમેશા ખુલ્લા છે. આ સીટ પરથી હાલમાં સપા નેતા મુલાયમસિંહ યાદવ સાંસદ તરીકે છે. ઓમપ્રકાશ રાજભર દ્વારા સીટ ઓફર કરવાના અહેવાલ બાદ હવે અમરસિંહ આગામી લોકસભા ચૂંટણી લડશે તેવા અહેવાલ આવ્યા હતા. આ સંદર્ભમાં આજે અમરસિંહે કહ્યું હતું કે, તમામ અટકળોનો અંત આવી ગયો છે. હાલમાં તેઓ સ્વતંત્રરીતે સાંસદ તરીકે છે. હાલમાં તેની ચાર વર્ષની અવધિ બાકી છે. આવી સ્થિતિમાં અવધિ છોડીને ચૂંટણી લડશે નહીં.

Amarnath Securities Limited
CIN: L67120GJ1994PLC023254
Regd. Office: 1/ 104, SARTHAK, OPP. C.T. CENTRE, B/H. SWASTIK CROSS ROAD, C. G. ROAD, AHMEDABAD, GJ -380009
Corp. Office: B 207, CITI Point, Nr.Kohinoor Hotel, J B Nagar, Andheri, Mumbai - 59
Email Id: amarnathsecurities@gmail.com
NOTICE
Pursuant to Regulation 29 of the SEBI (Listing Obligation and Disclosure Requirement) Regulations, 2015, Notice is hereby given that a meeting of the Board of Directors of the Company will be held at the Corporate Office on Friday, August 10, 2018 to consider, approve and take on record Un-Audited Financial Results of the Company for the Quarter ended June 30, 2018.
For Amarnath Securities Limited
Sd/-
Hitesh Ruke
Whole-Time Director
DIN. 07752179
Place : Mumbai
Date : August 01, 2018

ફ્યુચર જનરલી ઈન્ડિયાએ 'એફજી ઈન્સ્યોર' નામની એન્ડ-ટુ-એન્ડ ગ્રાહક એપ્લિકેશન લોન્ચ કરી

રિટેલ ગેમ ચેન્જર ફ્યુચર ગ્રૂપની જનરલી ઈન્સ્યોરન્સ શાખા ફ્યુચર જનરલી ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ (એફજીઆઈઆઈ) અને ગ્લોબલ ઈન્સ્યુરર જનરલીએ આજે તેમની 'એફજી ઈન્સ્યોર' નામની ગ્રાહક એપ લોન્ચ કરી છે, જેમાં ગ્રાહકો વીમા પોલિસીનું સંચાલન, ખરીદી, નવીનીકરણ (રિન્યુ) કરી શકે છે અને એપ્લિકેશનના માધ્યમથી જરૂરી દસ્તાવેજો અપલોડ કરી દાવાની અને તેની પતાવટની કાર્યવાહી શરૂ કરી શકે છે. આ લોન્ચ અંગે બોલતા ફ્યુચર જનરલી ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટરને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસર શ્રી. કે. જી. ક્રિષ્નામૂર્થી રાવે જણાવ્યું હતું કે, "ભારત ડિજિટલ વેવને આવકારી રહ્યું છે. તેથી એફજીઆઈઆઈમાં અમે અમારા ગ્રાહકોને એવા નવા ઉકેલ આપવા સતત પ્રયત્નશીલ છીએ જે તેમને સગવડ આપી શકે. આ એપ ગ્રાહકોને પોતાની માહિતી અપડેટ કરવાની તેનું યોગ્ય સંચાલન કરવાની નવી પોલિસી ખરીદવાની કે જૂની પોલિસી રિન્યુ કરવાની, વીમાના દાવાની શરૂઆત કરવાની, પોલિસી સંબંધિત બીન નાણાકીય માહિતી અપડેટ કરવાની ક્ષમતા આપે છે."(૧૬)

પ્લેટીનમ લવ બેન્ડસ સાથે #FriendsFirstના વચનને પાળો

આ ફ્રેન્ડશીપ ડે, પ્લેટીનમ ડેઝ ઓફ લવ તમને યાદ અપાવે છે કે તમારા સાથી તમારો પ્રેમ છે પણ એથી પણ વિશેષ તમે #FriendsFirst છે.તમારા સંબંધોની ઉજવણી કરો જે સમય અને હુફ સાથની મજબુત દોસ્તી ના પાયા પર ઉભી છે.

હમેશા #FriendsFirst ના વચનને પ્લેટીનમ લવ બેન્ડસ સાથે પાળી ને જે જુજ છે તે વ્યકત કરો.પુરુષો અને સ્ત્રીઓની રીંગ ની કોમ્પલીમેન્ટ્રી ડીઝાઇન વ્યકિતગતતા સાથે સહભભાગીતા જાળવી રાખે છે : જયારે તમે તમારા રહેલ સમાનતા ને આવકારો છો તેવીજ રીતે વિભિન્નતા ને સ્વીકારો છો. જેમ મિત્રો કરે છે.

જુજ પ્લેટીનમ લવ બેન્ડસ થકી તમારા મધુર સબંધો #FriendsFirstને આજીવન માટે યાદગાર બનાવો.

પ્લેટીનમ જવેલરી અગ્રણી રીટેઇલ સ્ટોર્સમાં પ્લેટીનમ કાઉન્ટરમાં ઉપલબ્ધ છે. વધારાની જાણકારી અને ડીઝાઇન વિશે માહીતી માટે www.preciousplatinum.in નીમુલાકાત લો.-

ઓપ્ટિમસ ઈન્ફ્રાકોમે સૌથી સુરક્ષિત એન્ડ્રયડ ફૂલ ટચ સ્માર્ટફોન લોન્ચ કર્યા

બ્લેકબેરી બ્રાંડની લાઈસેન્સી અને પ્રમુખ ભારતીય ટેલિકોમ એન્ટરપ્રાઇઝ ઓપ્ટિમસ ઈન્ફ્રાકોમ લિમિટેડ તેના સૌથી નવીનતમ ડિવાઇસ 'બ્લેકબેરી ઇવોલ્વ અને ઇવોલ્વ એક્સ' લોન્ચ કરવાની ઘોષણા કરી. આ ડિવાઇસમાં ૧૮:૯ ડિસ્પ્લે, ડોલ્બી સરાઉન્ડ સાઉન્ડ, ડુઅલ કેમરા અને એન્ટપ્રાઇઝ – ગ્રેડ સિકયુરિટી અને પ્રાઇવસીને સપોર્ટ કરે છે. બ્લેકબેરી ઇવોલ્વ એકસ એ બ્લેકબેરીનો પ્રથમ સ્માર્ટફોન છે જેમાં ઝડપી ચાર્જ કરવા માટે વાયરલેસ ટેકનોલોજી છે. આ ડિવાઇસમાં નેક્સ્ટ-જેન સિકયુરિટી અને પ્રાઇવેસી સાથે સાથે સુવિધાજનક અન્ય કેટલાય ફિચર્સ ધરાવે છે જેમ કે ફેશિયલ રિકગનિશન (સિકયોર ટેકનોલોજીથી એનક્રિપ્ટેડ) અનં ફિંગરપ્રિંટ દ્વારા અનલોક કરવાની સુવિધા. આ ડિવાઇસમાં વિશિષ્ટ સુરક્ષા માટે વધારા ઉપાયો સાથે બ્લેકબેરીની વિશ્વસ્તરીય ડિવાઇસ સિકયુરીટી છે. બ્લેકબેરી એપ્લીકેશનની ડીટીઇકે સુરક્ષાનો પણ તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ બ્લેકબેરી ઇવોલ્વ એક્સમાં કવાલકોમ સ્નેપડ્રેગન ૬૬૦ ઓકટાકોર પ્રોસેસર અને લેટેસ્ટ એન્ડ્રોયડ ૮.૧ ઓરિયો ઓપરેટિંગ સિસ્ટમ, ૬ જીબી રેમ અને ૬૪ જીબી ઇન્ટર મેમરી છે જેને ૨ ટીબી સુધી માઇક્રો એકસડી કાર્ડ દ્વારા વધારી શકાય છે. બ્લેકબેરી ઇવોલ્વ એક્સ મજબૂત અને સ્લીક એલ્યુમિનિયમ ફ્રેમમાં છે અને તેમાં ૧૮:૯ રસિયો સાથે ૫.૯૯ ઈંચનો ટચ ડિસ્પ્લે સ્ક્રીન-ટુ-બોડીનો સારો રસિયો છે જેના દ્વારા જોવાનો સારો અનુભબ મળે છે. (૧૩-૫)

નાબાર્ડ દ્વારા ખેડૂત ઉત્પાદન સંગઠનો માટે અભિયાનની શરૂઆત

રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ), ગુજરાત ક્ષેત્રીય કાર્યાલયે આજથી ખેડૂતોમાં/ગ્રામીણ લોકોમાં ખેડૂત ઉત્પાદન સંગઠન (એફપીઓ) માટે જાગૃતિ લાવવા રાજયવ્યાપી અભિયાન ની શરૂઆત કરી છે. અભિયાન ૦૨ થી ૩૧ ઓગષ્ટ ૨૦૧૮ દરમિયાન એક માસ માટે ચાલુ રહેશે અને તેનો અમલ પસંદ કરેલા ૧૫ જિલ્લા – અમદાવાદ, અમરેલી, અરાવલ્લી, ભાવનગર, બોટાદ, દાહોદ, ગાંધીનગર, મહીસાગર, મોરબી, નર્મદા, નવસારી, રાજકોટ, સાબરકાંઠા, તાપી અને વલસાડમાં કરવામાં આવશે. નાબાર્ડે અભિયાન ચલાવવા માટે અમદાવાદ, અમરેલી, ભાવનગર, રાજકોટ અને વલસાડ જિલ્લાની સહકારી બેંકો અને બિનસરકારી સંગઠનો સાથે પણ ભાગીદારી કરી છે. અભિયાન ખેડૂત ઉત્પાદન સંગઠન (એફપીઓ) માટે, સારા ભાવની પ્રાપ્તિ થકી ખેડૂતોને થનાર ફાયદા માટે, વેચાણકડી જેવા મુદ્દાઓ પ્રત્યે જાગૃતિ લાવશે. આ પહેલ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવામાં મદદરૂપ થશે .(૧૯-૮)

લાઈઝોલે રસોડાઓ આરોગ્યમય અને જંતુમુક્ત બનાવવા ઝુંબેશનો કર્યો પ્રારંભ

વિશ્વની નંબર ૧ અને ૬ઉની માલિકી હેઠળની જંતુનાશક બ્રાન્ડ લાઈઝોલે આજે તેના નવા કિચન પાવર ક્લીનર માટેના ચહેરા તરીકે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતી પ્રાપ્ત ભારતીય શેફ વિકાસ ખન્ના સાથે મળીને લાઈઝોલ કિચન, હેલ્ધી કીચન ઝુંબેશની જાહેરાત કરી હતી. સાથે મળીને, તેઓ ભારતને તંદૂરસ્ત જીવન માટે સાચી પસંદગી કરાવવા અને જંતુમુક્ત રસોડાના મહત્વ અંગે જાગૃતિ ફેલાવવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

વ્યુહાત્મક સંશોધન સલાહકાર સંસ્થા ઈન્સાઈટ દ્વારા હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું હતું કે ૯૮ ટકા ભારતીયો તેમના ઘરોમાં જંતુઓની હાજરી અને તેની સાથે સંકળાયેલા જોખમો અંગે સજાગ છે, જો કે, આ જંતુઓની ઉપસ્થિતિ અંગે જાણકારી ધરાવતા ૬૨ ટકા લોકો તેમના પરીવારોને રક્ષણ પ્રદાન કરવા માટે આ જંતુઓનો નાશ કરવા પ્રયત્ન હાથ ધરતા નથી. જંતુઓનો નાશ કરવા ઈચ્છતા લોકોમાંથી ૪૨ ટકા લોકો તેમના ઘરોમાં વિવિધ સપાટીઓ પર ફેલાયેલા જંતુઓની સમસ્યા દૂર કરવા માટે ફીનાઈલ અને ડીટર્જન્ટનો સામાન્ય સફાઈ પદાર્થ તરીકે ઉપયોગ કરે છે.

આ બ્રાન્ડ સાથેના જોડાણ અંગે ટિપ્પણી કરતા વિકાસ ખન્નાએ જણાવ્યું હતું કે ભારતમાં પોષણ અને આરોગ્યમય ખોરાક અંગે લોકોના અભિગમમાં આવેલા મોટા બદલાવને જોઈ શકીએ છીએ. તેઓ તેમના આહાર માટે તો આરોગ્યમય પસંદગીઓ કરી રહ્યાં છે પરંતુ રસોડાના સ્લેબ્સ, સ્ટવ્સ,ટાઈલ્સ વગેરે પર ઉપસ્થિત એવા જંતુઓ અંગે ખાસ ધ્યાન આપતા નથી કે જે અજાણતામાં જ રાંધેલા ખોરાકમાં પ્રવેશી જતા હોય છે. (૧૯-૧૦)

આગામી દાયકામાં હોમ હેલ્થકેર સૌથી વધુ વિક્ષેપકારક વલણ હશે: નેટહેલ્થ

અમદાવાદ, ૨૦૫૦ સુધીમાં ભારતમાં ૬૦થી ની સંખ્યા ૩૦ કરોડ કરતાં વધુ હોવાનું અપેક્ષિત છે.વધતી જતી ક્રોનિક રોગો મુખ્ય જોખમ છે. આવા સંજોગોમાં, એવી આશા રાખવામાં આવે છે કે તંદુરસ્ત ભારત તરફ ફાળો આપવા માટે હોમ હેલ્થ સર્વિસીસ ખૂબ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.તાજેતરમાં, હોમ હેલ્થ કેર એ રીતે રૂપાંતરિત કરી છે કે જે ભારત વૃદ્ધોની કાળજી લે છે.

નેટહેલ્થ મુજબ, આ ઝડપથી વધતી જતી ક્ષેત્ર માટે વીમા ઉપલબ્ધતા એક રમત ચેન્જર બની શકે છે.દેશમાં આરોગ્ય વીમાનું ઘૂંસપેંઠ ખૂબ ઓછું છે અને હોમ કેર હજુ પણ બાકાત છે. દર્દીને સાકલ્યવાદી સહાયતા આપવા માટે ખાસ કરીને હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરિયાતો પછી સ્વાસ્થ્ય વીમો અને હોમ હેલ્થકેરની સંમતિની જરૂર છે, આ હોમ હેલ્થ કેરની વૃદ્ધિ માટેનો માર્ગ મોકળો કરશે.

નેટહેલ્થ ના સેક્રેટરી જનરલ અંજન બોસ ના જણાવ્યા મુજબ, "અભ્યાસો દર્શાવે છે કે ભારતમાં હોમ હેલ્થ કેર માટેનું બજાર ૨૦૨૦ સુધીમાં યુએસ ૬.૨ બિલિયન ડોલર સુધી પહોંચવાનો અંદાજ છે, જે ૨૦૧૬ ના યુએસ ૩.૨ બિલિયન ડોલર થી ૧૮% ની સીએજીઆરમાં છે.૨૦૧૮ માં, તે ૪.૪૬ અબજ યુએસ ડોલર સુધી પહોંચવાની ધારણા છે."(૧૩-૯)

મીડિયા ડે માર્કેટિંગ દ્વારા મહાત્મા મંદિર કેન્વેનશન સેન્ટર, ગાંધીનગર ખાતે ટ્રક - ટ્રેલર - ટાયર એક્સ્પો ૨૦૧૮ નું શ્રી વાસણભાઇ આહીર ના હસ્તે ઉદ્ઘાટન

આ એક્સ્પો તા. ૩ ઓગસ્ટ થી તા.૫ ઓગસ્ટ ૨૦૧૮ સુધી ચાલશે

ટ્રક, ટાયર અને ટ્રેઈલરનો બિઝનેસ ભારતમાં વિકસી રહ્યો છે અને સતત પરિવર્તન પામી રહ્યો છે જેમાં મેન્યુફેક્ચરર્સ અને કન્ઝ્યુમર્સ માટે નવી તકો પુષ્કળ પ્રમાણમાં રહેલી છે જે ટેકનોલોજીમાં ઈનોવેશન અને કસ્ટમર સર્વિસ અપ્રોચમાં પરિવર્તન સાથે પ્રાપ્ત થઈ શકે છે. ભારતમાં રેલવે અને રોડ દ્વારા મુખ્યત્વે ચીજવસ્તુઓનું પરિવહન થતું રહ્યુ છે. ભારતમાં ત્યારબાદ રોડ દ્વારા ચીજવસ્તુઓના પરિવહનને નોંધપાત્ર મહત્ત્વ પ્રાપ્ત થયું છે. રોડ ટ્રાન્સપોર્ટ ઈન્ડસ્ટ્રી સેવાઓની વ્યૂહનીતિ દ્વારા માર્કેટમાં પ્રવેશી રહી છે. તેઓ કન્સાઈનરના પ્લેટફોર્મથી કન્સાઈનીના ઘરઆંગણા સુધી સેવા આપે છે.

જેમ જેમ વોલ્યુમ વધે છે, નિયમનકારી ફેરફારો થાય છે અને નવા ગ્લોબલ પ્લેયર્સનો પ્રવેશ થાય છે તેમ ગ્રાહકો પ્રાઈસ પ્રિમિયમ પર પ્રોડક્ટિવીટી અને કાર્યદક્ષતા માટે ઓછા ખર્ચની પ્રોડક્ટ તરફ નજર દોડાવે છે. આનાથી માર્કેટમા સામેલ લોકોને વિશિષ્ટ લાભ થાય છે કે જેનાથી તેઓ ગ્રાહકોને સંપૂર્ણપણે ટ્રક સોલ્યુશન્સ આપી શકે છે. પડકાર એ છે કે હાલના માર્કેટમાં ૧૦ ટકાથી ઓછા વેલ્યુ ટ્રક્સનો છે, જેમાં ફ્રેઈટ રેટ્સ, હાઈ ફ્યુલ પ્રાઈસીસ અને ઓવરકેપેસિટી સાથે રોકાણમાં ઘટાડો જોવા મળે છે. યુઝર હાયર પ્રોડક્ટિવીટી, કાર્યદક્ષતા અને ઓછી ટોટલ ઓનરશીપ કોસ્ટ પર લક્ષ આપે તો ઈકોનોમી ટ્રક્સ સેગમેન્ટમાં વેલ્યુ ટ્રક ગ્રોથ રેટ્સને આગળ વધારી શકાય છે. (૧૯-૮)

BLOOM DEKOR LIMITED
CIN: L20210GJ1992PLC017341
Regd. Office: Block No. 267, Village Oran, Taluka Prantij, N. H. 8, Dist. Sabarkantha, North Gujarat – 383 205
Corporate Office: 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad – 380 059, Gujarat
Tel. Phone: +91 – 79 – 2684 1916 / 17 / 18;
Fax: + 91 – 79 – 2684 1914
E-mail: redressal@bloomdekor.com;
Website: www.bloomdekor.com
NOTICE OF BOARD MEETING
NOTICE is hereby given that the meeting of the Board of Directors of the Bloom Dekor Limited is scheduled to be held on Friday, August 10, 2018 at 11.30 A.M. at the corporate office of the Company situated at 2/F, Sumel, S. G. Highway Road, Thaltej, Ahmedabad - 380 059, Gujarat, inter alia, to consider, approve & take on record the Unaudited Financial Result of the Company for the quarter ended on June 30, 2018 as per Regulation 33 of the Listing Regulation.
Pursuant to Regulation 47 of the Listing Regulations, aforesaid notice may be accessed on the Company's Website at www.bloomdekor.com and may also be accessed at the website of the Stock Exchange i.e. BSE Limited at www.bseindia.com.
For, Bloom Dekor Limited
----sd----
Tushar Donda
Company Secretary
Date: August 3, 2018
Place: Ahmedabad

રાધે ડેવલપર્સ (ઈન્ડિયા) લીમીટેડ
રજીસ્ટર્ડ ઓફિસ : ૧લો માળ, ચુનીભાઈ ચેમ્બર્સ, સીટી ગોલ્ડ સીનેમા પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯
સીન : L45201G11995PLC024491/ફોન : +૯૧ ૭૯ ૨૬૫૮૩૩૮૧/
અમને મળો : www.radhedevelopers.com
૨૪મી વાર્ષિક સાધારણ સભાની નોટિસ
આથી નોટિસ આપવામાં આવે છે કે રાધે ડેવલપર્સ (ઈન્ડિયા) લીમીટેડનાં સભ્યોની ૨૪મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરૂવાર, ૩૦મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે, કંપનીની રજીસ્ટ્રર્ડ ઓફિસ ૧લો માળ, ચુનીભાઈ ચેમ્બર્સ સીટી ગોલ્ડ સીનેમાની પાછળ આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯ ખાતે તા. ૨૦મી જુલાઈ, ૨૦૧૮ના રોજ આપેલી નોટિસમાં જણાવ્યા પ્રમાણે સામાન્ય તથા વિશેષ બિઝનેશ હાથ ધરાશે.એજીએમ ની નોટિસ, વાર્ષિક અહેવાલ હાજર રહેવાની સ્લીપ સભ્યોને નિયમાનુસાર પરવાનગી મુજબનાં મોડથી મોકલી આપવામાં આવ્યા છે.ઉપરોક્ત દસ્તાવેજો કંપનીની વેબસાઇટ www.radhedevelopers.com પર પણ ઉપલબ્ધ છે.
કંપની ધારા, ૨૦૧૩ની કલમ ૯૧ની જોગવાઈ પ્રમાણે આથી અહી નોટીસ આપવામાં આવે છે કે એજીએમના હેતુસર સભ્યો માટે શેર ટ્રાંસફર બુક ગુરૂવાર,૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮થી ગુરૂવાર તા.૩૦મી ઓગસ્ટ,૨૦૧૮ (બન્ને દિવસ સહિત) બંધ રહેશે.
કંપની રૂલ ૨૦૧૪ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) કંપનીની કલમની એક્ટ ૨૦ અને જોગવાઈ ૧૦૯ મુજબ સિક્યુરિટી એક્સચેન્જ બોર્ડના સુધારો રેગ્યુલેશનની (લીસ્ટીંગ ઓબ્લીગેશન) અને ડીસક્લોઝર રીકવારમેન્ટ રેગ્યુલેશન ૨૦૧૫, મુજબ સભ્યો તેમના મત ઈલેક્ટ્રોનીકલી ઈ- વોટિંગ સગવડતા માટે સેન્ટ્રલ ડીપોઝીટરી સર્વિસીસ (ઈન્ડિયા) લીમીટેડ (સીડીએસએલ) મારફતે એજીએમની નોટિસમાં જણાવ્યા પ્રમાણે બધા ઠરાવો માટે મતદાન કરી શકશે. જે સભ્યો ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ના કટ ઓફ ડેટના રોજ જે સભ્યો શેર ધરાવતા હશે તે મતદાન કરી શકશે. જે સભ્યો ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ કે નોટીસનો વિતરણ થયા પછી શેર ધરાવતા હશે તો તેમણે helpdesk.evoting@cdslindia.com પર આઈડી અને પાસવર્ડની માંગણી ઈ-મેઈલ મારફતે વિનંતી કરીને મેળવવાની રહેશે. તેમ છતા કોઈ સીડીએસએલમાં ઈ- વોટીંગ માટે યુઝર આઈડી અને પાસવર્ડ નોંધાવી લીધા હશે તે તેનો ઉપયોગ મતદાન માટે કરી શકશે. જે વ્યક્તિ સભ્ય તરીકે નોંધાયેલ હશે તે અથવા તો લાભકર્તા કે જેને ડિપોઝીટરી નિમ્યો હશે તે કટ ઓફ ડેટ પહેલા નોંધાયેલો હશે તે ઈ- વોટીંગ માટે અથવા એજીએમના સ્થળે મતદાન માટે માન્ય ગણાશે.
રિમોટ ઈ- વોટીંગનો સમય સોમવાર,૨૭મી ઓગસ્ટ, ૨૦૧૮(સવારે ૯.૦૦ વાગ્યે) શરૂ થશે અને બુધવાર,૨૯મી ઓગસ્ટ, ૨૦૧૮ (સાંજે ૫.૦૦ વાગ્યે) પુરૂ થશે. આ દરખાસ્ત, જે સભ્યો ફિઝીકલ ફોર્મ કે ડિમટરીયલાઈઝ ફોર્મમાં કટ ઓફ ડેટ ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ શેર ધારણ કર્યા હશે, તો તે પોતાનો વોટ ઈલેક્ટ્રોનિકલી માધ્યમથી એજીએમ નોટીસમાં જણાવ્યા પ્રમાણે રીત અને પદ્ધતિ પ્રમાણે આપી શકશે.
જો કોઈને ઈ- વોટીંગ બાબતે કોઈપણ પ્રકારનો પ્રશ્નો હોય તો ફ્રિક્વન્ટલી આશ્કડ ક્વોશ્ચન (FAQs) અને ઈ-વોટીંગ વેબસાઇટ www.evotingindia.com પર મળી શકશે અને મદદ માટે ઈ-મેઈલ helpdesk.evoting@cdslindia.comપર મળી શકશે.
રાધે ડેવલપર્સ (ઈન્ડિયા) લીમીટેડ વતી
મુકેશ ચૌધરી
કંપની સેક્રેટરી
તારીખ : ૩જી ઓગસ્ટ, ૨૦૧૮
સ્થળ : અમદાવાદ

SUNGOLD CAPITAL LTD
[CIN: L65910GJ1993PLC018956]
Regd off: House no. 7/13, opp White Tower, Station Road, Nandod, Rajpipla, Narmada – 393145.
Corporate Off: B/618, 6th Floor, Jaswanti allied Business Centre, off: Ramchandra Lane extn, Malad (west), Mumbai - 400064
Tel no.022-28891692, 08108756812
Website: www.sungoldcapitallimited.com
Email: info@sungoldcapitallimited.com
NOTICE
NOTICE is hereby given that pursuant to regulation 47 read with Regulation 29 & 33 of SEBI (Listing Obligation and Disclosure Requirements), Regulations, 2015 that the meeting of the Board of Directors of the Company will be held on Saturday, August 11, 2018 at the Corporate office of the Company inter alia, to consider and approve the Unaudited Financial Result for the quarter ended June 30, 2018.
For Sungold Capital Ltd
Sd/-
CS Sowjanya Poojary
(Company Secretary & Compliance Officer)
Place: Mumbai
Date: 03.08.2018

PADMANABH INDUSTRIES LIMITED
(CIN: L17110GJ1994PLC023396)
**401, ABHISHREE AVENUE, OPP. HANUMAN TEMPLE, NEHR